ફરીયાદ કર્યા તારીખ. ૦૭/૦૨/૨૦૦૯
ફરીયાદ દાખલ તારીખ. ૦૭/૦૨/૨૦૦૯
ફરીયાદ ફેંસલ તારીખ. ૨૮/૦૬/૨૦૧૮
સમયગાળો **: ૦૯ વર્ષ, ૦૪ માસ, ૨૧ દિવસ.**

सत्यमेव जयते

અમદાવાદના મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કોર્ટ નંબરઃ ૨૯ સમક્ષ

ફોજદારી કેસ નંબરઃ૫૦૧૧૭૦૧/૧૬
જુનો ફોજદારી કે.નંઃ૬૭૬૦/૦૯
આંક–

ફરિયાદી : રાકેશ વિજયકુમાર અરોરા તે અનંત ટેક્ષ ટાઈલ્સના પ્રોપરાઈટર,
ઉ.વ.પુખ્ત વયના, ધંધો :વેપાર,
ઠે. એ ૧૧૩, ઓર્ચીડ પાર્ક, અંજની ટાવર નજીક,
કર્ણાવતી કલબ સામે,રામદેવનગર,સેટેલાઈટ, અમદાવાદ.

વિરૂધ્ધ

આરોપી : પ્રેમકુમાર એક્ષપોટર્સ ઓફ ફેબ્રીકસ
પ્રોપરાઈટરઃ કમલેશ રાવત,
ઉ.વ.પુખ્ત વયના, ધંધોઃવેપાર,
ઠે."આઈ" બ્લોક નં.૫૪,રૂમ નં.૧૨૮૪,
ગુજરાત હાઉસીંગ બોર્ડ,
મેઘાણીનગર લાસ્ટ બસ સ્ટોપ,અમદાવાદ.

ગુનો : ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી પુનિત બી.જુનેજા, મીનલ સ્નેહી.
આરોપીપક્ષે વિ.વ.શ્રી ટી.ડી.પ્રજાપતિ

જજમેન્ટ

૧. આ કામના ફરીયાદપક્ષની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે,ફરીયાદી કાપડનો વેપાર અને તેના કમીશન એજન્ટ તરીકે અનંત ટેક્ષટાઈલના નામથી ધંધો કરે છે.આ કામના તહોમતદાર ફરીયાદી પાસેથી કાપડ મટીરીયલ ખરીદતા હતા, જેથી તેઓને સારી રીતે ઓળખે છે.આરોપી જે માલ ખરીદતા હતા તે સામે આરોપીને નીચે મુજબ જુદા–જુદા બીલો આપેલ.

બીલ નંબર	તારીખ	રૂપિયા
૧૩	૩૦/૦૫/૨૦૦૮	૭૭,૮૭૧/–
૧૪	૩૦/૦૫/૨૦૦૮	૭૯,૮૭૧/–
૧૬	૦૩/૦૬/૨૦૦૮	૮૨,૬૦૦/–
૨૧	૨૪/૦૬/૨૦૦૮	૬૯,૭૫૧/–
૨૪	૨૭/૦૬/૨૦૦૮	૨,૭૭,૪૨૩/–
૨૫	૩૦/૦૬/૨૦૦૮	૧,૧૪,૯૫૦/–
૨૭	૦૭/૦૭/૨૦૦૮	૧,૨૭,૦૮૦/–
૨૮	૧૪/૦૭/૨૦૦૮	૧,૭૫,૪૨૦/–
૩૫	૨૩/૦૭/૨૦૦૮	૨,૭૮,૨૬૫/–
૩૭	૨૯/૦૭/૨૦૦૮	૧,૨૩,૪૬૫/–
૪૦	૦૪/૦૮/૨૦૦૮	૧૫,૬૩૦/–
૪૧	૦૪/૦૮/૨૦૦૮	૨,૧૫,૩૪૬/–
૪૨	૦૪/૦૮/૨૦૦૮	૨,૧૫,૯૧૬/–
૪૯	૧૪/૦૮/૨૦૦૮	૨૬,૯૬૩/–

ત્યારબાદ જુદા–જુદા પસંગોએ આરોપીએ પાર્ટ પેમેન્ટ કરેલ અને તેવા એક પાર્ટ પેમેન્ટ દરમિયાન આરોપીએ એક ચેક નં.૮૩૨૨૫૧,તા.૨૫/૦૯/૨૦૦૮, દેના બેંક, મેઘાણીનગર બ્રાન્ચ, અમદાવાદનો રૂા.૨,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ પુરા)નો આપેલ. જે ચેક તા.૨૬/૦૯/૨૦૦૮ ના રોજ ફરીયાદીના ખાતાવાળી બેંક, પંજાબ નેશનલ બેંક, ન્યુ કલોથ માર્કેટ શાખામાં જમા કરાવતાં તા.૨૭/૦૯/૦૮ ના રોજ "ઓપનીંગ બેલેન્સ ઈસનફીશીયન્ટ"ના શેરાથી રીટર્નમેમો આધારે પરત ફરેલ. જે અંગે તહોમતદારને જણાવતાં તહોમતદારે વિનંતી કરી ફરી તા.૨૬/૧૨/૦૮ ના રોજ બેંકમાં ભરવા જણાવેલ. જેથી તા.૨૬/૧૨/૦૮ ના રોજ પુનઃ બેંકમાં જમા કરાવતાં તા.૨૭/૧૨/૦૮ ના રોજ " ઓપનીંગ બેલેન્સ ઈનસફીશીયન્ટ"ના શેરાથી રીટર્નમેમો આધારે પરત આવેલ. ત્યારબાદ ફરીયાદીએ વકીલશ્રી મારફત આરોપીને તા.૦૯/૦૧/૨૦૦૯ ના રોજ રજી.પો.એડી. તથા યુ.પી.સી.થી નોટીસ મોકલાવેલ. સદરહું નોટીસ બજવા છતાં આરોપીએ નોટીસ મુજબનું પાલન કરેલ નહીં.

આમ, આરોપીએ આજદિન સુધી ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧, (કે જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં **"એકટ"** તરીકે સંબોધવામાં આવ્યા છે) ની કલમઃ ૧૩૮ તથા સાથે વાંચતા કલમઃ૧૪૨ અન્વયે સજાને પાત્ર ગુનાહીત કૃત્ય કરેલ હોવાથી હાલની ફરીયાદ તા.૦૭/૦૨/૨૦૦૯ ના રોજ નામ.કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

૨. સદરહુ ફરીયાદ રજુ કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાઃ૧૯૭૩(કે જેને સરળતા ખાતર આ ઠરાવમાં હવે પછી **"સંહિતા"** તરીકે સંબોધવામાં આવ્યા છે) ની કલમઃ૨૦૦ અન્વયે ફરીયાદીનું વેરીફીકેશન સોગંદ ઉપર નોંધવામાં આવ્યું. ત્યારબાદ સંહિતાની કલમઃ૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ કાઢવામાં આવ્યો હતો. જેની ધોરણસરની બજવણી થતાં આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં, ફરીયાદની તથા દસ્તાવેજોની

નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીની પ્લી ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમઃ ૨૫૧ મુજબ નોંધવામાં આવેલ હતી. જે અન્વયે આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરેલ હોવાથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

૩. આ કામે ફરીયાદપક્ષ તરફે તેમની ફરીયાદ હકીકતના સમર્થનમાં નીચે મુજબના લેખિત–મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

મૌખીક પુરાવા :–

ક્રમ	મૌખીક પુરાવાની વિગત	આંક
૧.	ફરીયાદી રાકેશ વિજયકુમાર અરોરાની સોગંદ ઉપરની જુબાની	૨૫

દસ્તાવેજી પુરાવાઃ–

ક્રમ	લેખીત પુરાવાની વિગત	આંક
૧.	ફરીયાદવાળો વિવાદીત ચેક અસલ	૨૭
૨.	ફરીયાદવાળા વિવાદીત ચેકનો રીટર્નમેમો અસલ	૨૮
૩.	ફરીયાદીએ તહોમતદારને આપેલ નોટીસની ઓફીસકોપી	૨૯
૪.	નોટીસ યુ.પી.સી.કર્યાની પોસ્ટ ખાતાની પહોંચ	૩૦
૫.	નોટીસ રજી.એડી.કર્યાની પોસ્ટ ખાતાની પહોંચ	
૬.	રજી.એડી.વાળી નોટીસ બજયાની એકનોલેજમેન્ટ	૩૧
૭.	હાથથી લખેલ હિસાબી નોંધો	૩૨
૮.	આરોપીને આપવામાં આવેલ માલના બીલોની ઝેરોક્ષ (કુલ–૧૪)	૩૩
૯.	હાથથી લખેલ હિસાબી નોંધની સર્ટીફાઈડ નકલ	૫૬
૧૦.	તહોમતદારને આપવામાં આવેલ માલના બીલોની સર્ટીફાઈડ નકલ(કુલ–૧૪)	૫૭ થી ૭૦

આ સીવાય કોઈ વધુ લેખિત/મૌખિક પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

૪. ત્યારબાદ સદર કામે આરોપીનું ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવા ઉપર રાખવામાં આવેલ હતું પરંતુ આરોપીપક્ષને પુરતી અને વ્યાજબી તકો આપવા છતાં વિશેષ નિવેદન માટે હાજર ન રહેતાં આરોપીએ કોઈ બચાવ કરવો ન હોય કે પોતે બચાવમાં કોઈ પુરાવા રજુ કરવા માંગતા ન હોવાનું માની આરોપીનો વિશેષ નિવેદન અને પુરાવાનો હકક બંધ કરવાનો હકુમ કરવામાં આવેલ અને હાલનું કામ દલીલો માટે રાખવામાં આવેલ.

૫. હાલનું કામ દલીલો માટે રાખવામાં આવ્યા બાદ, આ કામે ફરીયાદપક્ષે આંકઃ૭૭ થી લેખીત દલીલો રજુ કરેલ છે, જે વંચાણે લીધેલ છે તેમજ ફરીયાદપક્ષની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. આરોપીપક્ષને દલીલો માટે પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ છે તેમજ શરતી મુદત અરજી મંજુર કરવામાં આવ્યા બાદ પણ તહોમતદારપક્ષે લેખીત કે મૌખીક દલીલો કરવામાં આવેલ નથી, જેથી હાલનું કામ ઠરાવ માટે રાખવામાં આવેલ.

ફરીયાદપક્ષે વિ.વકીલશ્રીએ ટુંકમાં ફરીયાદ હકીકત વર્ણવી મુખ્યત્વે એવી મૌખીક દલીલો કરેલ છે કે, ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપેલ છે તેમજ તેને સમર્થનકર્તા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. તહોમતદારે ખરીદ કરેલા માલના બીલો પણ આ કામે રજુ કરવામાં આવેલ છે જેને આરોપીપક્ષે પડકારેલ નથી કે આવા માલના લેણાં ચુકવવાના બાકી ન હોવાનું પુરવાર કરેલ નથી. સદરહું બાકી લેણાં પેટે જ તહોમતદારે વિવાદીત ચેક આપેલ છે. તેમજ સદરહું ચેક રીટર્ન થયા અંગેની લેખીત નોટીસ તહોમતદારને આપવામાં આવેલ છે અને તે નોટીસની આરોપીના સાચા અને ખરા સરનામે બજવણી થયેલ હોવા છતાં તહોમતદારે તેનો કોઈ જવાબ સુધ્ધાં આપેલ નથી. જો ખરેખર વિવાદીત ચેક કોઈ લેણાં પેટેનો ન હોય તો તહોમતદારે ફરીયાદીની નોટીસનો જવાબ આપીને પોતાનો બચાવ જે–તે સમયે જ લઈ શકયા હોત. આરોપીપક્ષે જે કાંઈ બચાવો લીધેલા છે તે ખોટા અને ઉપજાવી કાઢેલા છે. આમ તહોમતદાર વિરૂધ્ધનો કેસ ફરીયાદપક્ષે પુરતા લેખીત–મૌખીક પુરાવાઓથી પુરવાર કરેલ હોય જયારે તે સામે તહોમતદારપક્ષ તેમની વિરૂધ્ધના કાનુની અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ રહેલા હોય, જેથી તહોમતદારે કસુરવાન ઠરાવી સજા કરવા તથા ફરીયાદીને વળતર અપાવવા હુકમ કરવા તેમની દલીલોના અંતે અરજ ગુજારેલ છે. ફરીયાદપક્ષે પોતાની દલીલોના સમર્થનમાં નામ.સર્વોચ્ચ અદાલતના નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૧). (૨૦૧૨)૧ સુપ્રીમ કોર્ટ કેસીસ ૨૬૦, આર.વિજયન વિ. બેબી અને બીજાઓ.

આરોપીપક્ષે વિ.વકીલશ્રીએ મુખ્યત્વે એવી મૌખીક દલીલો કરેલ છે કે, આરોપી નિર્દોષ છે તેમની સામે ખોટો કેસ કરેલ છે, હાલના આરોપી સામે કોઈ કાયદેસરનું લેણું ફરીયાદીનું બાકી નથી. ફરીયાદીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો આરોપીનો ધંધો જ નથી, આરોપી હાલમાં પણ માત્ર નોકરી કરે છે. ફરીયાદીએ હાલના આરોપીને જ માલ પૂરો પાડેલ હતો તેવી હકીકત સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર પુરવાર કરેલ નથી, ફરીયાદીએ રજુ કરેલા બીલોમાં આરોપીની સહી નથી. ફરીયાદીએ માત્ર કાચુ સ્ટેટમેન્ટ બનાવીને આ કામે રજુ કરેલ છે જેનાથી કાયદેસરનું લેણું બાકી હોવાનું પુરવાર થઈ શકતું નથી. ફરીયાદીએ રોજમેળ પણ રજુ કરેલ નાથી કે જેનાથી આરોપીને માલ આપેલાનું અને તેના નાણાં બાકી હોવાનું પુરવાર થાય. ફરીયાદીએ પોતાનું ટર્ન ઓવર વીસ લાખનું જણાવેલ છે પરંતુ તે અંગેના કોઈ ઈન્કમટેક્ષ રીટર્ન રજુ કરેલ નથી. વળી, આટલા મોટા માલનો વ્યવહાર હોય તો તે અંગે પરચેઝ ઓર્ડર આપવામાં આવેલ હોય,જરૂરી ટર્મ અને કન્ડીશન પણ લખવામાં આવેલ હોય, જયારે હાલના કામે આવો કોઈ પરચેઝ ઓર્ડર ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. વિવાદીત ચેકમાંની વિગતો ધ્યાને લેતાં તેમાં પેઈનું નામ, રકમ તથા તારીખ અલગ–અલગ ઈન્ક(પેન)થી લખેલ હોવાનું જણાય છે, તેમજ બોડી રાઈટીંગમાં પણ સ્પષ્ટ તફાવત જણાઈ આવે છે. ચેકના રીટર્નમેમોમાં બેંકનો સીકકો કે સહી કરેલ નથી. ફરીયાદીએ આપેલ નોટીસ આરોપીને બજેલ હોવાનું ફરીયાદપક્ષે પુરવાર કરેલ નથી. ખરી હકીકતે ફરીયાદી અને આરોપી પહેલાં મિત્રો હતા અને જોડે જ બેસતા તે સમયે ફરીયાદીએ જ આરોપીનું ખાતું ખોલવેલ અને ફરીયાદી જ તેની પાસબુક,ચેકબુક જોડે રાખતા હતા. આ કામે ફરીયાદપક્ષે એકટની કલમઃ૧૩૮ અન્વયેના તત્વો પુરવાર કરેલ ન હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલોના અંતે અરજ ગુજારેલ છે.

૬. આમ, ઉપરોકત તમામ હકીકતો, સમગ્ર પુરાવાઓ તથા કેસની હકીકત ધ્યાને લેતાં હાલના કેસનો આખરી નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દા ::–

(૧). શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ૧૩૮ મુજબનો સજા તથા દંડને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨). શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). હકારમાં

(૨). આખરી હુકમ અનુસાર

નિર્ણયો માટેના કારણો

૮. પુરાવાના કાયદા અનુસાર જે પક્ષકારો જે તે હકીકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી પક્ષકારોના શીરે રહે છે. ચેક પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબકકે ફરીયાદીએ પુરાવો આપવાનો હોય છે અને પુરાવો રજુ થયા બાદ ફરીયાદીની તરફેણમાં અધિનિયમની કલમ–૧૧૮ અને ૧૩૯ પ્રમાણેનું અનુમાન દોરવું પડે છે તે માટે સૌ પ્રથમ ધી નેગો.ઈન્સ્ટ.એકટની કલમ–૧૩૮ના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે ધ્યાને લેવું પડે. હાલના કેસમાં તહોમતદાર વિરૂધ્ધનો આક્ષેપ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ – ૧૩૮ અન્વયેના ગુના સંબંધનો મુકવામાં આવેલ છે. જેમાં સૌપ્રથમ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે ધ્યાને લેવુ પડે .

કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકારઃ

> સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણકે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેંક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને "બે વર્ષ" સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે..

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

ખુલાસો : આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આમ, નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારને ૩૦ દિવસમાં નોટીસ આપી હોવી જોઈએ.

૪. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામા નિષ્ફળ ગયો હોવો જોઈએ.

ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનુ કહેવાય અને ત્યારબાદ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૯ તથા કલમ – ૧૧૮ મુજબનુ ધારકની તરફેણમાં અનુમાન થાય.

કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહીં ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ–૧૩૮માં જણાવેલ ચેક, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત : દેવા માટે મેળવ્યો હતો.

નોંધ : પાછો ફરેલ એ વર્તમાન દેવું કે જવાબદારી પ્રત્યે હતો તેવું અનુમાન કરવામાં આવશે. એથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલો ચેક કોઈ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેકના આપનાર ઉપર છે.

કલમ–૧૧૮ વટાઉ ખત વિષે માની લેવાની બાબત :

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામા આવશે :

(ક) અવેજ વિષે : દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય , ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(ખ) તારીખ વિષે : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) સ્વીકારનાર સમય વિષે : સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) તબદીલીના સમય વિષે : કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) શેરાઓના ક્રમ વિષે : કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) સ્ટેમ્પ વિષેઃ ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે : કોઈ વટાઉ ખતનો ધારક છે યથાક્રમ ધારક છે એમ માની લેવુ સિવાય કે , તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય. ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

૯. ફરીયાદીની આંક–૧ વાળી ફરીયાદ મુજબ, ફરીયાદી કાપડનો વેપાર અને તેના કમીશન એજન્ટ તરીકે અનંત ટેક્ષટાઈલના નામથી ધંધો કરે છે.આ કામના તહોમતદાર ફરીયાદી પાસેથી કાપડ મટીરીયલ ખરીદતા હતા, જેથી તેઓને સારી રીતે ઓળખે છે.આરોપી જે માલ ખરીદતા હતા તે સામે આરોપીને જુદા–જુદા બીલો આપેલ. ત્યારબાદ સદરહું બાકી બીલોની લેણી રકમ પેટે જુદા–જુદા પસંગોએ આરોપીએ પાર્ટ પેમેન્ટ કરેલ અને તેવા એક પાર્ટ પેમેન્ટ દરમ્યાન આરોપીએ એક ચેક નં.૮૩૨૨૫૧,તા.૨૫/૦૯/૨૦૦૮, દેના બેંક, મેઘાણીનગર બ્રાન્ચ, અમદાવાદનો રૂા.૨,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ પુરા)નો આપેલ. જે ચેક તા.૨૬/૦૯/૨૦૦૮ ના રોજ ફરીયાદીના ખાતાવાળી બેંક, પંજાબ નેશનલ બેંક, ન્યુ કલોથ માર્કેટ શાખામાં જમા કરાવતાં તા.૨૭/૦૯/૦૮ ના રોજ "ઓપનીંગ બેલેન્સ ઈસનફીશીયન્ટ"ના શેરાથી રીટર્નમેમો આધારે પરત ફરેલ. જે અંગે તહોમતદારને જણાવતાં તહોમતદારે વિનંતી કરી ફરી તા.૨૬/૧૨/૦૮ ના રોજ બેંકમાં ભરવા જણાવેલ. જેથી તા.૨૬/૧૨/૦૮ ના રોજ પુનઃ બેંકમાં જમા કરાવતાં તા.૨૭/૧૨/૦૮ ના રોજ " ઓપનીંગ બેલેન્સ ઈનસફીશીયન્ટ"ના શેરાથી રીટર્નમેમો આધારે પરત આવેલ. ત્યારબાદ ફરીયાદીએ વકીલશ્રી મારફત આરોપીને તા.૦૯/૦૧/૨૦૦૯ ના રોજ રજી.પો.એડી. તથા યુ.પી.સી.થી નોટીસ મોકલાવેલ. સદરહું નોટીસ બજવા છતાં આરોપીએ નોટીસ મુજબનું પાલન કરેલ નહીં. જેથી આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ કરેલ છે. આ કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન આ કામના આરોપી ધ્વારા આ ચેકમાં તેઓની સહી નથી કે આ ચેક તેઓના પોતાના ખાતાનો નથી તેવી કોઈ સ્પષ્ટ તકરાર લીધેલ નથી અને ચેકમાં સહી તેમની પોતાની હોવાનું તેમજ ચેક તેઓના પોતાના ખાતાનો હોવાની હકીકત કબુલ રાખેલ છે. જેથી ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલા આંકઃ૨૭ થી ૩૧

વાળા દસ્તાવેજો ધ્યાને લેતાં, તે પૈકી ફરીયાદવાળા વિવાદીત ચેકની તારીખ, ચેક રીટર્નમેમોની તારીખ, આરોપીને આપવામાં આવેલ નોટીસની તારીખ તથા હાલની આંક–૧ વાળી ફરીયાદ કર્યાની તારીખ જોતાં ફરીયાદપક્ષ ધ્વારા એકટની કલમઃ૧૩૮ ના (એ),(બી),(સી) મુજબના ત્રણેય આવશ્યક તત્વો પરીપુર્ણ થયા બાદ નિયત સમયમર્યાદામાં હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોય અને તે રીતે એકટ અન્વયેના પ્રાથમિક આવશ્યક તત્વો પરીપુર્ણ કરેલા હોય, જેથી હાલનો કેસ એકટની કલમઃ૧૧૮(એ) અને ૧૩૯ મુજબના આરોપી વિરૂધ્ધના અનુમાનો ઉપર પહોંચવા યોગ્ય કેસ જણાય છે. આરોપી વિરૂધ્ધના અનુમાનો અસ્તિત્વમાં આવેલ હોય તેનું ખંડન કરવાની જવાબદારી અથવા તે વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવાની જવાબદારી બચાવપક્ષના શિરે રહેલ છે અને જયાં સુધી આવા કાનુની અનુમાનોનું ખંડન કરવામાં ન આવે ત્યાં સુધી તે જેમના તેમ આરોપી વિરૂધ્ધ અસ્તિત્વમાં રહે છે.

૧૦. આરોપીપક્ષ ઉપરોકત કલમ મુજબના અનુમાનોનું ખંડન કરતો પુરાવો રજુ ન કરે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધ એકટની કલમઃ૧૩૮ મુજબનો ગુન્હો પુરવાર માનવાનું રહે છે. **નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા ૨૦૦૯(૨) જી.એલ.આર.૧૨૪૦,સુપ્રીમ કોર્ટ, મેસર્સ કુમાર એક્ષપોર્ટ વિ. શર્મા કાર્પેટસના ચુકાદામાં પેરા–૧૧ માં** અનુમાનો કયારે કરી શકાય અને તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવીરીતે નિભાવી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

> **para : 11.** The use of the phrase "until the contrary is proved" in Sec. 118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec. 139 of the Act read with definitions of " may presume" and "shall presume" as given in Sec. 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and **when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over.** The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. **To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial.** The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and

debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. **To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant.** The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the presumptions arising under Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant,...

ઉપરોકત ચુકાદાને માનપૂર્વક વંચાણે લેતાં, અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનુ પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય. તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ ? અથવા તેવો બચાવ આરોપીપક્ષે રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે ઘ્યાને લેવું પડે. આ સંદર્ભે જોતાં આરોપીપક્ષે વિવિધ બચાવો લીધેલા છે જેની ચર્ચા નીચે મુજબ છે.

૧૧. આ કામે આરોપીપક્ષે મૌખીક દલીલોમાં અલગ–અલગ બચાવો લીધેલા છે. આરોપીપક્ષે સૌપ્રથમ એવો બચાવ લીધેલ છે કે, ફરીયાદીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો આરોપીનો ધંધો જ નથી, આરોપી હાલમાં પણ માત્ર નોકરી કરે છે. ફરીયાદીએ હાલના આરોપીને જ માલ પૂરો પાડેલ હતો તેવી કોઈ હકીકત સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર પુરવાર કરેલ નથી, ફરીયાદીએ રજુ કરેલા બીલોમાં આરોપીની સહી નથી.

આરોપીપક્ષે લીધેલ ઉપરોકત બચાવ અન્વયે રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતાં,ફરીયાદીએ પોતાની આંક–૧ વાળી ફરીયાદમાં જે વ્યવહાર અન્વયેના બાકી લેણાંની વિગત દર્શાવેલ છે તે જોતાં સ્પષ્ટ પણે ફરીયાદીએ હાલના આરોપીને ઉધારમાં માલ આપેલ હોય તે અંગેના બાકી લેણાંની ચુકવણી પેટે આરોપીએ વિવાદીત ચેક આપેલ હોવાનું દર્શાવેલ છે. ફરીયાદીએ આંક:૨૫ વાળા સરતપાસના સોગંદનામામાં પણ આ જ હકીકત જણાવેલ છે અને તેના સમર્થનમાં આરોપીને આપવામાં આવેલ માલ અંગેના બીલો રજુ કરેલ છે. સદરહું બીલો ધ્યાને લેતાં તે હાલના આરોપીની પેઢીના એટલે કે ''પ્રેમકુમાર એક્ષપોર્ટ ફેબ્રીકસ''ના નામના છે. સદરહું બીલોની તારીખ અને રકમ ધ્યાને લેતાં તે પણ ફરીયાદીએ પોતાની ફરીયાદમાં દર્શાવ્યા મુજબની જ જણાવેલ છે. વળી, આ બીલોમાં જે માલ, કવોન્ટીટી, કિંમત વિગેરે ખૂબજ સ્પષ્ટ રીતે અને ઝીણવટપૂર્વક નોંધેલ વિગતોના સ્વરૂપમાં છે. તે સાથોસાથ સદરહું બીલો પૈકી માત્ર ઈન્વોઈસ નં.૧૬ અને ઈન્વોઈસ નં.૨૫ માં આરોપીની સહી નથી તે સિવાયના તમામ બીલોમાં હાલના આરોપીની સહી છે. વળી, જે બંન્ને બીલોમાં આરોપીની સહી નથી તે સંદર્ભે ફરીયાદીએ સ્પષ્ટતા પણ કરેલ છે કે તે બીલોના નાણાં અગાઉ આવી ગયેલ હોય, જેથી તેમાં તેઓની સહી લીધેલ નથી એટલે કે જે બીલના લેણી નાણાં બાકી છે તેટલા બીલોમાં જ હાલના આરોપીની સહી લેવામાં આવેલ છે. આમ,આરોપીનો એવો બચાવ કે ફરીયાદીએ રજુ કરેલા બીલોમાં તેમની સહી નથી તે હકીકતને રેકર્ડ આધારે જોતાં સમર્થન મળતું નથી. આ કામે રજુ વિવાદીત ચેકમાંની સહીને આરોપી ધ્વારા નકારવામાં આવેલ નથી જેથી સદરહું વિવાદીત ચેકમાંની સહી અને બીલો ઉપરની સહીની સરખામણી કરતાં પ્રથમદૃષ્ટિએ જ એકસમાન મળતી આવે છે. તે સાથો સાથ આ બીલોમાં આરોપીની ખોટી સહી કરવામાં આવેલ હોય કે આરોપીએ આવી કોઈ સહી જ કરેલ ન હોય તો આરોપી તે સંદર્ભે હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય મેળવવાની કાયદેસરની કાર્યવાહીને અનુસરીને પોતાનો બચાવ રેકર્ડ ઉપર લાવી શકેલા હોત, પરંતુ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં આરોપી ધ્વારા માત્ર બીલોમાં પોતાની સહી ન હોવાની તકરાર માત્ર લીધેલ છે પરંતુ આવી તકરારને રેકર્ડ ઉપર પુરવાર કરવા માટે કોઈ સફળ પ્રયત્ન કરેલ નથી. જયારે ફરીયાદીએ રજુ કરેલા બીલોમાં હાલના આરોપીની સહી હોવાની હકીકત રેકર્ડ ઉપર સાબિત થઈ આવતી હોય ત્યારે આરોપીપક્ષે સ્પષ્ટ રીતે એ હકીકતો ખુલાસો કરવો જોઈએ કે, જો તેઓ ફરીયાદીએ જણાવ્યા મુજબનો કોઈ ધંધો કરતા નથી કે ફરીયાદીએ તેઓને કોઈ માલ મોકલાવેલ નથી તો ફરીયાદીએ રજુ કરેલ બીલોમાં હાલના આરોપીની સહી કેવી રીતે આવી અથવા તો આરોપીએ આવા બીલોમાં સહી કરવાની શું જરૂરત હતી ? તેમજ આ કામે રજુ થયેલ વિવાદીત ચેક ધ્યાને લેતાં તેમાં **'' ફોર પ્રેમકુમાર એક્ષપોર્ટસ ઓફ ફેબ્રીકસ ઓથોરાઈઝડ સીગ્નેચરી''** તેવું પ્રીન્ટેડ છે અને તે ચેકમાં હાલના આરોપીની સહી છે, જે સહીનો ઈન્કાર આરોપીએ કરેલ નથી. આમ, જો હાલના આરોપી પ્રેમકુમાર એક્ષપોર્ટ ઓફ ફેબ્રીકસના નામે કોઈ ધંધો જ કરતા ન હતા તો તે નામે ખાતું ખોલાવવાનું કે તે નામનો પોતાની સહીવાળો ચેક આપવા સંદર્ભે પણ કોઈ સ્પષ્ટ અને નકકર હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. જેથી ફરીયાદીએ રજુ કરેલા બીલોમાં હાલના આરોપીની જ સહી હોવાનું અને તે બીલો મુજબનો માલ આરોપીને મળેલ હોવાનું નહિં માનવાને કોઈ કારણ જણાઈ આવતું નથી.

આરોપીપક્ષે પોતેજ બચાવમાં એવા કથનો કરેલા છે કે તેઓ કોઈ ધંધો કરતા નથી પરંતુ નોકરી કરે છે અને હાલમાં પણ નોકરી જ કરે છે. જો ખરેખર આરોપીના આ કથનોમાં વજુદ હોય તો, ફરીયાદીએ જે તા.૩૦/૦૫/૨૦૦૮ થી તા.૧૪/૦૮/૨૦૦૮ સુધીના બીલો રજુ કરી તે બીલો અન્વયેનો માલ

હાલના આરોપીને આપેલ હોવાની હકીકત જણાવેલ છે તે સામે હાલના આરોપી પોતે સદરહું તા.૩૦/૦૫/૦૮ થી તા.૧૪/૦૮/૦૮ ના સમયગાળા દરમ્યાન આવો કોઈ ધંધો નહિં પરંતુ નોકરી કરતા હતા તે દર્શાવવા માટે કોઈ લેખીત –મૌખીક પુરાવો રજુ કરી શકયા હોત. આરોપી તે સમયગાળા દરમ્યાન જે જગ્યાએ નોકરી કરતા હતા અથવા જેના ત્યાં નોકરી કરતા હતા તેવા કોઈ વ્યકિતને સાહેદ તરીકે તપાસીને પણ આ હકીકત રેકર્ડ ઉપર લાવી શકયા હોત, પરંતુ આરોપીએ ધંધો કરતા હોવાની હકીકતનો ઈન્કાર કરી માત્ર નોકરી કરતા હોવાના કથનો કરેલ છે, જે કોઈ આધારભૂત પુરાવાના અભાવે કોઈપણ સંજોગોમાં માની શકાય તેમ નથી. આ બીલો મુજબનો માલ હાલના આરોપીને આપવામાં જ આવેલ નથી કે આ પ્રકારનો કોઈ ધંધો જ હાલના આરોપી કરતા નથી તેવી આરોપીપક્ષની જો તકરાર રહેલ હોય તો, ફરીયાદીએ જે રીતે બીલો ધ્વારા હાલના આરોપીને માલ આપેલાની હકીકત જણાવેલ છે તે મુજબ જ આવો માલ તેઓને મળેલ નથી તે હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીના શિરે રહે છે. પરંતુ આરોપીએ પોતાના બચાવમાં માત્ર મૌખીક કથનો કરેલા છે અને જયારે કોઈપણ પક્ષકાર પોતાના બચાવમાં કોઈ કથનો કરે તો તે પુરવાર કરવાની જવાબદારી જે–તે કથન કરનાર વ્યકિત ઉપર રહેલ છે. હાલના પ્રસ્તુત કેસમાં આરોપીએ માત્ર બચાવમાં કથનો કરેલા છે પરંતુ તેને રેકર્ડ ઉપર સાબિત કરવા માટે કોઈ જ સક્રિય પ્રયત્નો કરેલા નથી. તે સંજોગોમાં આરોપીપક્ષે લીધેલ ઉપરોકત બચાવ ટકવાપાત્ર બનતો નથી.

૧૨. આરોપીપક્ષે એવો પણ બચાવ લીધેલ છે કે, ફરીયાદીએ માત્ર કાચુ સ્ટેટમેન્ટ બનાવીને આ કામે રજુ કરેલ છે, જેનાથી કાયદેસરનું લેણું બાકી હોવાનું પુરવાર થઈ શકતું નથી. ફરીયાદીએ રોજમેળ પણ રજુ કરેલ નથી કે જેનાથી આરોપીને માલ આપેલાનું અને તેના નાણાં બાકી હોવાનું પુરવાર થાય. ફરીયાદીએ પોતાનું ટર્ન ઓવર વીસ લાખનું જણાવેલ છે પરંતુ તે અંગેના કોઈ ઈન્કમટેક્ષ રીટર્ન રજુ કરેલ નથી. વળી, આટલા મોટા માલનો વ્યવહાર હોય તો તે અંગે પરચેઝ ઓર્ડર આપવામાં આવેલ હોય,જરૂરી ટર્મ અને કન્ડીશન પણ લખવામાં આવેલ હોય, જયારે હાલના કામે આવો કોઈ પરચેઝ ઓર્ડર ફરીયાદપક્ષે રજુ કરેલ નથી.

આરોપીપક્ષે લીધેલ ઉપરોકત તકરાર અન્વય જોતાં એ હકકીત સ્વીકૃત છે કે, ફરીયાદીએ આરોપી પાસે લેણી નીકળતી રકમ અંગે હાથથી લખેલ હિસાબની કાચી નોંધો આંકઃ૩ર થી રજુ કરેલ છે. સદરહું હાથથી લખેલ હિસાબ નોંધના મથાળે પ્રેમકુમાર એક્ષપોર્ટ ફેબ્રીકસ લખવામાં આવેલ છે અને તેમાં તારીખવાર બાકી રકમ અંગેની નોંધો દર્શાવેલ છે. અલબત આ કાચી હિસાબી નોંધમાં બંન્નેમાથી એકપણ પક્ષકારની કયાંય સહી હોય તેમ જણાઈ આવતું નથી પરંતુ જયારે ફરીયાદી ધ્વારા અગાઉ ચર્ચા કર્યા મુજબ આરોપીને આપવામાં આવેલ માલ અંગેના બીલો રજુ કરેલા હોય અને તેમાં સ્પષ્ટ રીતે પુરો પાડેલ માલ અને તેની રકમ દર્શાવેલ હોય તેમજ તે બીલો મુજબની જ રકમની વિગતો તા.૦૫/૦૯/૦૮ ની હાલની કાચી નોંધમાં જણાવેલ છે, તેથી વિરૂધ્ધની કોઈ હકીકત આ કાચી નોંધમાં જણાઈ આવતી નથી. તેમજ આ કાચી નોંધથી વિરૂધ્ધની કોઈ હકીકતો આરોપીપક્ષે પુરવાર કરેલ નથી. જેથી ફરીયાદીએ રજુ કરેલા આરોપીની સહીવાળા બીલોમાં નોંધેલ હકીકતો અને હાલની આંકઃ૩ર વાળા દસ્તાવેજોમાં નોધેંલ હકીકતો સ્પષ્ટ રીતે મળતી આવતી હોય ત્યારે આવી હિસાબી નોંધ હાથથી લખવામાં આવેલ હોય કે તે નોંધમાં આરોપીની સહી ન હોય તેટલા માત્રથી આરોપી વિરૂધ્ધ તેમાં જણાવ્યા મુજબનું કોઈ કાયદેસરનું લેણું લેણું બાકી નથી તેવું માની શકાય નહીં. જયારે ફરીયાદી આરોપી સાથે થયેલ બાકી માલ અંગેના વ્યવહાર પેટે અપાયેલ ચેક, તે માલ અંગેના બીલો તથા તે

અંગેનો હાથથી લખેલ હિસાબોનો ઉતારો રજુ કરતા હોય ત્યારે આ દસ્તાવેજી પુરાવાઓ સામે આરોપીપક્ષના માત્ર ઈન્કારવાળા મૌખીક કથનોથી વિરૂધ્ધની હકીકત માનવાને કોઈ કારણ જણાઈ આવતું નથી.

ફરીયાદપક્ષ ધ્વારા પોતાની લેણી રકમ સંદર્ભે કે પોતાના બાકી લેણાં સંદર્ભે ઈન્કમટેક્ષ રીટર્નમાં તે દર્શાવેલ હોવા સંદર્ભે ઈન્કમટેક્ષ રીટર્ન રજુ કરેલ નથી તે હકીકત સ્વીકૃત છે, પરંતુ આવું ઈન્કમટેક્ષ રીટર્ન રજુ નહીં કરવાથી કે તેમાં આવી રકમનો વ્યવહાર નહિં દર્શાવવા માત્રથી ફરીયાદીએ પોતાન ફરીયાદ હકીકતના સમર્થનમાં રજુ કરેલા અન્ય તમામ દસ્તાવેજી પુરાવાઓ એળે જતા નથી. એક તબકકે આવી રકમ ઈન્કમટેક્ષ રીટર્નમાં દર્શાવેલ ન હોય તો પણ તે ઈન્કમટેક્ષ અન્વયેની જોગવાઈનો ભંગ ગણી શકાય અને તે માટેની કાર્યવાહી કરવા સંબંધિત વિભાગ પોતાની રીતે સ્વતંત્ર છે. હાલની ફરીયાદ તે સ્પેશ્યલ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેની છે, જેથી માત્ર ઈન્કમટેક્ષ રીટર્નનો આધાર રાખી હાલના આરોપી લાભ મેળવવા ઈચ્છતા હોય તો તે ઉચિત ગણી શકાય તેમ નથી. આરોપીપક્ષે એવી પણ તકરાર લીધેલ છે કે, હાલના ફરીયાદી પાસેથી આરોપીએ માલ ખરીદવા માટે કોઈ ઓર્ડર આપેલ હોય તો તે તેવા કોઈ પરચેઝ ઓર્ડર પણ ફરીયાદીએ આ કામે રજુ કરેલ નથી. આ હકીકત સંદર્ભે જોતાં ફરીયાદીને હાલના આરોપી માલની ખરીદી માટે કોઈ ઓર્ડર આપેલ હોય તેવો દસ્તાવેજી પુરાવો ફરીયાદી તરફે રજુ થયેલ નથી પરંતુ તે સાથોસાથ ફરીયાદીએ તેની સ્પષ્ટતા કર્યા મુજબ મૌખીકમાં માલનો ઓર્ડર લેતા હોવાનું જણાવેલ છે. આ સંદર્ભે જોતાં દરેક વખતે માલની માંગણી માટે લેખીતમાં પરચેઝ ઓર્ડર આપવામાં આવતો હોય તેવું ફરજીયાત પણ નથી, વ્યાપારી ધોરણે મૌખીકમાં પણ માલની લેવડ–દેવડ થતી હોય તે સહજ બાબત છે. આવો પરચેઝ ઓર્ડર રજુ નહીં કરવાથી ફરીયાદીએ રજુ કરેલા આરોપીની સહીવાળા બીલો સામે શંકા સેવવાનો કોઈ સ્થાન નથી.

૧૩. આરોપીપક્ષે એવી પણ તકરાર લીધેલ છે કે, વિવાદીત ચેકમાંની વિગતો ધ્યાને લેતાં તેમાં પેઈનું નામ, રકમ તથા તારીખ અલગ–અલગ ઈન્ક(પેન)થી લખેલ હોવાનું જણાય છે, તેમજ બોડી રાઈટીંગમાં પણ સ્પષ્ટ તફાવત જણાઈ આવે છે, વિવાદીત ચેકમાં માત્ર સહી જ આરોપીની છે. ચેકના રીટર્નમેમોમાં બેંકનો સીકકો કે સહી કરેલ નથી.

આરોપીપક્ષે લીધેલ આ તકરાર અન્વયે ફરીયાદવાળો વિવાદીત ચેક ધ્યાને લેતાં તેમાં અલગ–અલગ શાહીવાળી પેનથી વિગતો નોંધેલ હોવાનું જણાઈ આવે છે એટલે કે પેઈના કોલમાં "અનંત ટેક્ષટાઈલ", ચેકમાંની રકમ આંકડામાં તથા શબ્દોમાં અને આરોપીની કરવામાં આવેલ સહીની ઈન્ક અલગ–અલગ પેનથી લખાયેલ હોવાનું જણાઈ આવે છે. તે સાથોસાથ એ હકીકત પણ બિનતકરારી રહેલ છે કે હાલના વિવાદીત ચેકમાંની સહીને આરોપીએ પડકારેલ નથી એટલે કે ચેકમાંની સહી તે આરોપીની પોતાની સહી છે તે હકીકતનો આરોપીએ સ્વીકાર કરેલ છે. જયારે આરોપી ચેકમાંની પોતાની સહીનો સ્વીકાર કરતા હોય તે સંજોગોમાં એકટની કલમઃ૨૦ ની જોગવાઈઓ ધ્યાને લેતાં જયારે કોઈ વ્યકિત પોતાના ખાતાનો ચેક પોતાની સહી કરીને આપે ત્યારે તે ચેકમાંની બાકીની વિગતો ભરવા માટે તે ચેકના ધારણકર્તાને ગર્ભીત સત્તા આપે છે તેવું સ્વીકારવામાં આવેલ છે. આમ, એકટની કલમઃ૨૦ ની જોગવાઈઓ સાથોસાથ હાલના કેસની તકરારી હકીકત ધ્યાને લેતાં એક તબકકે વિવાદીત ચેકમાં આરોપીની માત્ર સહી હોય અને તે સિવાયની અન્ય વિગતો ફરીયાદીએ જાતે કે કોઈ અન્ય વ્યકિત મારફત ભરાવેલ હોય તો પણ કાયદાની દૃષ્ટિએ ફરીયાદીએ પોતાને મળેલ

અધિકારની રૂઈએ કરેલ આ કાર્ય કાયદેસરનું છે. તે સંજોગોમાં આરોપીપક્ષે ઉપરોકત લીધેલ તકરાર ટકવાપાત્ર જણાઈ આવતી નથી.

આરોપીપક્ષે વિવાદીત ચેકના રીટર્નમેમોમાં બેંકનો કોઈ સીકકો કે સહી ન હોવા અંગેની તકરાર લેવામાં આવેલ છે તે અન્વયે જોતાં વિવાદીત ચેકના રીટર્નમેમોમાં બેંકનો સીકકો કે કોઈ સક્ષમ અધિકારીની સહી નથી તે હકીકત દસ્તાવેજ આધારે સ્પષ્ટ છે પરંતુ આ રીટર્નમેમો ખોટો,બનાવટી કે ઉપજાવી કાઢેલો છે તેવી આરોપીપક્ષની કોઈ તકરાર નથી. વળી આ રીટર્નમેમો તે કોમ્પ્યુટર જનરેટેડ પ્રીન્ટેડ મેમો હોય તેમાં ફરજીયાત બેંકનો સીકકો અને સંબંધિત કર્મચારીની સહી હોવી તે ફરજીયાત પણ નથી. તેમછતાં જો આરોપીપક્ષની આ સંદર્ભે તકરાર હોય તો આવા રીટર્નમેમો કે તેમાં નોંધેલ હકીકતોથી વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવા માટે આરોપી પાસે પુરતી તક રહેલ હતી. આરોપી આ સંદર્ભે બેંકના સંબંધિ અધિકારી કે કર્મચારીને પોતાના બચાવના સાહેદ તરીકે તપાસીને આ રીટર્નમેમોમાંને પડકારી શકયા હોત પરંતુ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં આરોપીપક્ષ ધ્વારા આવા કોઈ બેંક સાહેદને તપાસવા માટેની કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી, જેથી આ રીટર્નમેમો અને તેમાં નોંધેલ હકીકતોને નહિં માનવાને કોઈપણ વ્યાજબી કારણ ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતું નથી.

૧૪. આરોપીપક્ષે એવી પણ તકરાર લીધેલ છે કે, ફરીયાદીએ આપેલ નોટીસ આરોપીને બજેલ હોવાનું ફરીયાદપક્ષે પુરવાર કરેલ નથી.

ઉપરોકત બચાવ અન્વયે રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતાં ફરીયાદીએ વિવાદીત ચેક રીટર્ન થયા બાદ તે અંગેની લેખીત નોટીસ આ કામના આરોપીને મોકલાવેલ છે. ફરીયાદીએ આરોપીને રજી.એડી. તથા યુ.પી.સી.થી નોટીસ મોકલ્યાની રસીદ આંકઃ૩૦ થી તથા રજી.એડી.બજયાની એકનોલેજમેન્ટ આંકઃ૩૧થી રજુ કરેલ છે. આરોપીએ માત્ર એવી તકરાર લીધેલ છે કે નોટીસની તેઓને બજવણી થયેલ નથી પરંતુ આરોપીએ એવી કોઈ તકરાર લીધેલ નથી કે હાલના ફરીયાદીએ જે સરનામે તેઓને નોટીસ મોકલાવેલ છે તે સરનામું તેઓનું સાચુ અને ખરું સરનામું નથી અથવા તો તે સરનામે તેઓ રહેતા જ નથી. આમ, જયારે ફરીયાદી ધ્વારા આરોપીને તેમના સાચા અને ખરા સરનામે નોટીસ મોકલવામાં આવેલ હોય ત્યારે તે નોટીસ બજેલ નથી તેવું વિરૂધ્ધનું પુરવાર કરવાની જવાબદારી આરોપીપક્ષના શિરે રહે છે. ફરીયાદીએ પોતાની આંક–૧ વાળી ફરીયાદમાં આરોપીનું જે સરનામું જણાવેલ છે તે જ સરનામે આરોપીને નોટીસ મોકલાવેલ છે અને આરોપીએ પણ અત્રેની અદાલત સમક્ષ પ્લી નોંધતી વખતે પોતાનું સરનામું તે મુજબનું જ જણાવેલ છે. તે સંજોગોમાં આરોપીને આવી નોટીસની બજવણી થયેલ જ નથી તે હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીની બની રહે છે પરંતુ રેકર્ડ આધારે જોતાં આરોપી વિરૂધ્ધની હકીકત પુરવાર કરવા કોઈ જ પ્રયત્ન કરેલ નથી. તે સંજોગોમાં આરોપીનો આ બચાવ પણ માનવાલાયક જણાઈ આવતો નથી.

૧૫. આરોપીએ આ કામે મહત્વનો બચાવ એવો લીધેલ છે કે, ખરી હકીકતે ફરીયાદી અને આરોપી પહેલાં મિત્રો હતા અને જોડે જ બેસતા તે સમયે ફરીયાદીએ જ આરોપીનું ખાતું ખોલવેલ અને ફરીયાદી જ તેની પાસબુક,ચેકબુક જોડે રાખતા હતા. જેનો ફરીયાદીએ ખોટી રીતે દુરૂઉપયોગ કરેલ છે.

આરોપીપક્ષે લીધેલ ઉપરોકત બચાવ અન્વયે જોતાં સૌપ્રથમ તો એ હકીકત સ્પષ્ટ રીતે આરોપીના પોતાના જ કથનોથી સાબિત થાય છે કે, હાલનો વિવાદીત ચેક જે ખાતાનો છે તે ખાતું હાલના આરોપીનું જ

છે અને તે ખાતાધારક હોવાના નાતે તે ખાતાવાળી ચેકબુક હાલના આરોપીને ઈસ્યુ થયેલ છે. સૌપ્રથમ તો આરોપીપક્ષે લીધેલ આ બચાવની થીયરી વજુદ વિહીન જણાઈ આવે છે કારણ કે કોઈપણ વ્યકિત પોતાના નામનું ખાતું ખોલાવવા અન્ય વ્યકિતને પરવાનગી આપે તે અંગેના બેંકમાં રજુ કરવાના જરૂરી આનુષંગિક તમામ દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડી આવું ખાતું ખોલાવ્યા બાદ તે ખાતાના ચેકો મેળવી, તે ખાતાની પાસબુક અને ચેકબુક કોઈ અન્ય ઈસમને પોતાની પાસે રાખવા માટે આપે તે માની શકાય તેમ નથી. એક તબકકે એ હકીકત સ્વીકારી લેવામાં આવે કે, હાલના ફરીયાદીએ જ આરોપી પાસેથી જરૂરી દસ્તાવેજો મેળવી આરોપીના નામનું ખાતુ ખોલાવેલ અને તેની પાસબુક તથા ચેકબુક પોતાની પાસે રાખેલ તો પણ હાલની ફરીયાદવાળો વિવાદીત ચેક કે જેમાંની સહીનો આરોપીએ સ્વીકાર કરેલ છે તે ચેક જો ફરીયાદી પાસે પડી રહેલ ચેકબુકમાંનો ચેક હોય તો તેમાં હાલના આરોપીની સહી કેવી રીતે આવી ? તે અંગેનો કોઈ જ માનવાલાયક ખુલાસો આરોપીએ કરેલ નથી. વળી, કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન આરોપી ધ્વારા સદરહું ખાતાવાળી બેંકનના માહિતગાર અધિકારી/કર્મચારીને સાક્ષી તરીકે તપાસી આ સંદર્ભેની સત્ય હકીકતો રેકર્ડ ઉપર લાવવા માટે આરોપીપક્ષ પાસે પુરતી અને વ્યાજબી તકો રહેલ હોવા છતાં બેંક સાહેદને તપાસેલ નથી. જો આરોપીના બચાવમાં વજુદ હોય તો આરોપી બેંક સાહેદને તપાસીને પોતાનો બચાવ રજુ કરી શકેલ હોત. ખરેખર આ ખાતું હાલના આરોપીએ ખોલાવેલ નથી અથવા તો આરોપીના નામે કે પ્રેમકુમાર એક્ષપોર્ટર્સ ઓફ ફેબ્રીકસના પ્રોપરાઈટર તરીકે આરોપીના દસ્તાવેજો મેળવી લઈ ખોટું ખાતું ખોલાવવામાં આવેલ હોય તો તેવા બચાવોને પણ આરોપીપક્ષ બેંક સાહેદને તપાસીને રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરી શકયા હોત પરંતુ આવી પણ કોઈ કાર્યવાહી આરોપીપક્ષે કરેલ નથી. જેથી આરોપીપક્ષે લીધેલ આ બચાવ પણ લેશમાત્ર ટકવાપાત્ર જણાઈ આવતો નથી.

હાલના બચાવ સંદર્ભે એ હકીકતની અત્રે સ્પષ્ટતા કરવી જરૂરી જણાય છે કે, હાલના પક્ષકારો વચ્ચે હાલની જ ફરીયાદવાળા વ્યવહાર અન્વયેની અન્ય ત્રણ ફરીયાદો અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે. આમ, હાલના જ પક્ષકારો વચ્ચે ની કુલ–૪ ફરીયાદો (૧). ફો.કે.નં.૫૦૧૧૬૯૫/૧૬, (૨).ફો.કે.નં.૫૦૧૧૬૯૯, (૩).ફો.કે.નં. ૫૦૧૧૭૦૧/૧૬ તથા (૪). ફો.કે.નં.૫૦૧૧૭૦૪/૧૬ વાળી ફરીયાદો અત્રેની કોર્ટમાં ચાલે છે. જે ચારેય ફરીયાદો સંદર્ભેનો ઉલ્લેખ આરોપીપક્ષે પણ પોતાની મૌખીક દલીલોમાં કરેલ છે. ઉપરોકત ચાર ફરીયાદો પૈકી ફો.કે.નં.૫૦૧૧૬૯૫/૧૬ વાળી ફરીયાદ સિવાય અન્ય ત્રણ ફરીયાદોમાં હાલના આરોપીએ જે ચેક આપેલ છે તે **"દેના બેંક, મેઘાણીનગર બ્રાન્ચ, અમદાવાદ"** નો ચેક છે. જયારે ફો.કે.નં.૫૦૧૧૬૯૫/૧૫ વાળી ફરીયાદમાં રજુ થયેલ ચેક તે **" એચ.ડી.એફ.સી.બેંક શાહીબાગ બ્રાન્ચ અમદાવાદ"**નો છે, તે હકીકતની સાથોસાથ સદરહું ત્રણેય ફરીયાદો અને હાલની ફરીયાદમાં આરોપીએ એક સમાન બચાવ લીધેલ છે કે, ફરીયાદીએ આરોપીના નામનું ખાતું ખોલાવેલ અને તે ખાતાની પાસબુક અને ચેકબુક તેઓ પોતે પાસે રાખતા હતા. આમ, સંયુકત રીતે જોતાં આરોપીપક્ષના બચાવ મુજબ હાલના ફરીયાદીએ દેના બેંક તથા એચ.ડી.એફ.સી.બેંક, એમ બંન્ને બેંકોમાં આરોપીના નામના ખાતા ખોલાવી, તે અન્વયે પાસબુક,ચેકબુક મેળવી પોતાની પાસે રાખેલ હતી. સદરહું બચાવને કોઈપણ સામાન્ય બુધ્ધિશાળી વ્યકિત માની શકે તે મુજબનો બચાવ નથી, ઉલ્ટાનું આવો બચાવ આરોપીના ખુદની તરફ શંકા કરવા અત્રેની કોર્ટને પ્રેરે છે. એક તબકકે આવી કોઈ હકીકત સંકળાયેલ હોય તો પણ આરોપીએ આવા ચેક રીટર્ન થયા બાદ, તે અંગેની લેખીત નોટીસ આરોપીને આપવા છતાં આરોપીએ હાલના

ફરીયાદી વિરૂધ્ધ કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી કે બેંકમાંથી પોતાના નામે ખોલાવેલ આવું ખાતું જ બંધ કરવા કોઈ અરજ અહેવાલ કરેલ હોય તેવું પણ જણાઈ આવતું નથી. તે સંજોગોમાં આરોપીએ લીધેલ ઉપરોકત બચાવ ખુદ આરોપી વિરૂધ્ધનું અનુમાન કરવા પ્રેરે છે.

૧૬. આરોપીપક્ષે એવી પણ તકરાર લેવામાં આવેલ છે કે, વિવાદીત ચેક તે અનંત ટેક્ષટાઈલનો છે, ફરીયાદીએ રજુ કરેલ બીલો પણ અનંત ટેક્ષટાઈલના લેટરહેડપરના છે પરંતુ હાલના ફરીયાદી પોતે અનંત ટેક્ષ ટાઈલ્સના પ્રોપરાઈટર હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

આરોપીપક્ષે લીધેલ આ બચાવ અન્વયે જોતાં રેકર્ડ આધારે એ હકીકત સ્વીકૃત છે કે વિવાદીત ચેકના પેઈ તે અનંત ટેક્ષટાઈલ્સ છે. આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ પણ અનંત ટેક્ષટાઈલ્સના પ્રોપરાઈટર તરીકે કરેલ છે, તેમજ ફરીયાદવાળા સમગ્ર વ્યવહારનું લેણું પણ અનંત ટેક્ષટાઈલ્સ પાસેથી આરોપીએ લીધેલ માલના બાકી લેણાં પેટેનું છે. આ સાથોસાથ એ હકીકત પણ રેકર્ડ આધારે સ્પષ્ટ છે કે, હાલના આરોપીએ પોતે પણ હાલના ફરીયાદ તે અંનત ટેક્ષટાઈલ્સના પ્રોપરાઈટર નથી કે તેમને આવી ફરીયાદ કરવાનો કોઈ અધિકાર જ નથી તેવી વિરૂધ્ધની હકીકત પુરવાર કરેલ નથી. આ કામે રજુ થયેલ અનંત ટેક્ષટાઈલ્સના બીલો ધ્યાને લેતાં તેમાં અનંત ટેક્ષટાઈલ્સનું પુરુ નામ અને સરનામું તથા મોબાઈલ નંબર અને ટેલીફોન નંબર સુધ્ધાં જણાવેલ છે. જો આરોપીનો બચાવ એવો હોય કે હાલના ફરીયાદી અનંત ટેક્ષટાઈલ્સના પ્રોપરાઈટર નથી તો અનંત ટેક્ષટાઈલ્સના પ્રોપરાઈટર હાલના ફરીયાદી નહીં પરંતુ કોઈ અન્ય ઈસમ છે તેવી વિરૂધ્ધની હકીકત આરોપીએ પુરવાર કરવી પડે અને તે માટે જરૂર નામ સરનામા અને આધાર પુરવા રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાછતાં તે બચાવને રેકર્ડ ઉપર લાવવા માટે આરોપીએ લેશમાત્ર પ્રયત્ન કરેલ નથી. આ સંદર્ભે **ક્રિષ્ના ટ્રેડીંગ કું. વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિ.પ.અ.નં.૧૨૩૬૫/૨૦૧૫, નિર્ણિત તા.૧૨/૦૧/૧૭** નો ચુકાદો ધ્યાને લેતાં તેના **પેરા નં.૨૫ મુજબ** પ્રોપરાઈટરી ફર્મ અને તેના પ્રોપરાઈટર તે એકબીજાના સમાનાર્થી છે. સદરહું ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં "અનંત ટેક્ષટાઈલ્સ" અને હાલના ફરીયાદી તે બંન્ને એકબીજાના સમાનાર્થી હોય કાનુની રીતે એક જ વ્યકિતત્વ ધરાવે છે. વળી, અગાઉ ચર્ચા કર્યા મુજબ આરોપીએ એવો બચાવ લીધેલ નથી કે હાલના ફરીયાદી અનંત ટેક્ષટાઈલના પ્રોપરાઈટર નહિં પરંતુ કોઈ અન્ય વ્યકિત અનંત ટેક્ષટાઈલ્સના પ્ર ોપરાઈટર છે. તે સંજોગોમાં આરોપીએ લીધેલ આ બચાવ પણ વિરૂધ્ધના પુરાવાના અભાવે માની શકાય તેમ નથી.

૧૭. આરોપીપક્ષે લીધેલ વિવિધ બચાવોનું ઉપરોકત કરવામાં આવેલ મુલ્યાંકન સાથોસાથ એ હકીકત પણ અત્રે નોંધવી જરૂરી જણાયેલ છે કે, હાલના આરોપીની કોર્ટ સમક્ષ યોગ્ય વર્તણુંક અને કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન સહકાર આપવાની વૃતિ બંન્નેમાં અભાવ જણાયેલ છે. આરોપીપક્ષ પોતાના બચાવ માટે દરેક તબકકે પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ હોવા છતાં આરોપી ધ્વારા પુરતો સહકાર આપવામાં આવેલ નથી. આરોપીની પોતાની બેદરકારીના કારણોસર આરોપીનો પુરાવાનો અને સી.આર.પી.સી.૩૧૩ નું વિશેષ નિવેદન નોંધવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી ધ્વારા પોતાનો હકક ખોલવા માટે કોઈ અરજ અહેવાલ કરવામાં આવેલ નથી કે અત્રેની અદાલતના હુકમને પડકારવામાં આવેલ નથી. સદરહું કામ દલીલોના તબકકે હોવા સમયે પણ આરોપીપક્ષને અંતિમ તબકકે પુરતી અને વ્યાજબી તક પોતાના બચાવમાં મળી રહે તે સારૂં દલીલો કરવા માટે પણ અવાર–નવાર મુદત આપવામાં આવેલ છે, છેલ્લે આરોપીને શરતી મુદત આપેલ હોવા

છતાં લેખીત દલીલો રજુ નહિં કરતાં માત્ર મૌખીક દલીલો કરવામાં આવેલ છે. આમ, આરોપીને કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન પોતાના બચાવ માટે પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ હોવાછતાં આરોપી પક્ષે પોતાના બચાવમાં કોઈ લેખીત/મૌખીક પુરાવાઓ રજુ કરવા માટે તદ્દન નિષ્કાળજી સેવેલ છે અને પોતાના બચાવમાં માત્ર ને માત્ર ફરીયાદીની ફરીયાદ હકીકતનો ઈન્કાર કરતાં મૌખીક કથનો કરવા સિવાય અન્ય કોઈ સક્રિય પ્રયત્નો કરેલા નથી. તે સંજોગોમાં ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવેલ હકીકતોને તેના સમર્થનમાં રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓથી તથા એકટની કલમઃ૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનોનું પીઠબળ મળી રહે છે.

૧૮. ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા અનુસાર એકટની કલમઃ૧૩૮ ના ત્રણેય તત્વો પરીપુર્ણ થયેલ હોય તેનાથી ઉપસ્થિત થયેલ અનુમાનોનું ખંડન કરવા માટે કોઈ ખંડનાત્મક પુરાવો આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોય, ફરીયાદીની ફરીયાદ તથા દસ્તાવેજી પુરાવાઓ ઉપર વ્યાજબી શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ વિરૂધ્ધની હકીકત ફરીયાદીના પુરાવા ઉપરથી પણ આરોપીપક્ષ પ્રસ્થાપિત કરી શકેલા ન હોય, જયારે ફરીયાદપક્ષ પોતાનો આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોય જેથી **મુદ્દા નં.૧**નો જવાબ **હકારમાં** ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

૧. આ કામના આરોપી પ્રેમકુમાર એક્ષપોટર્સ ઓફ ફેબ્રીકસના પ્રોપરાઈટરઃ કમલેશ રાવતનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુના સબબ તકસીરવાન ઠરાવી સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તા.૨૮,માહેઃજુન, વર્ષઃ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૬/૨૦૧૮
સ્થળઃઅમદાવાદ

(કુ.અસ્મિકાબેન ભુપેન્દ્રકુમાર ભટ્ટ)
GJ 00820
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એ.કોર્ટ નં.૨૯,અમદાવાદ.

૧૯. ફરીયાદપક્ષ તરફે વિ.વકીલશ્રી મીનલ એ.સ્નેહીએ એવી રજુઆત કરેલ છે કે, હાલના આરોપી સામેનો કેસ પુરવાર થયેલ છે, કેસની શરૂઆતથી અંત સુધી આરોપીએ કાયદેસરની કાર્યવાહીમાં સહકાર આપેલ નથી, આરોપીની આવી વર્તણુંકના કારણે ફરીયાદીને વેઠવું પડેલ છે, આરોપી સામેનો આર્થિક ગુન્હો પુરવાર થયેલ હોય, સમાજમાં આવા ગુન્હા બનતા અટકે તે સારૂં તથા આરોપીને પાઠ મળે તે મુજબ મહત્તમ સજા કરવા અને દલીલોમાં જણાવ્યા મુજબ ફરીયાદીને વળતર અપાવવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

આ કામના આરોપી સુનાવણી માટે હાજર રહેલા નથી, આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા આરોપી નોકરી માટે બહાર ગયેલ હોય, તેથી જજમેન્ટ માટે મુદત આપવા વિનંતી કરતી રજુઆત કરીને ગયેલ છે, પરંતુ આરોપીની મુકતી માટેની કોઈ અરજી નથી કે સુનાવણી માટે કોલ આઉટ સમયે હાજર રહેલ નથી.

૨૦. આ કામે આરોપી સામે એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો પુરવાર થયેલ છે. તેવા સંજોગોમાં હાલના આરોપી સુનાવણી માટે ગેરહાજર રહેલા હોય તેમજ તેમના વિ.વકીલશ્રી પણ જજમેન્ટ માટે મુદતની મૌખીક રજુઆત કર્યા બાદ કોઈપણ જાતનો લેખીત અરજ–અહેવાલ કર્યા સિવાય ચાલ્યા ગયેલ છે,ત્યારબાદ કોલ આઉટ સમયે હાજર રહેલા ન હોય તે સંજોગોમાં ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમઃ૩૫૩(૬) ને ધ્યાને લેતાં જો આરોપી કસ્ટડીમાં ન હોય તો જજમેન્ટ સાંભળવા કોર્ટમાં હાજર રહેવા ફરમાન કરવાનું રહે, તેથી સદરહું કાયદાકીય જોગવાઈને નજર સમક્ષ રાખી આ કામના આરોપીના વિ.વકીલશ્રીને આરોપીને ચુકાદો સાંભળવા માટે **આવતી કાલ તા.૨૯/૦૬/૨૦૧૮** ના રોજ હાજર રાખવા ફરમાન કરવામાં આવે છે તથા જો આરોપી કે આરોપીના વિ.વકીલશ્રી ઉકત તારીખે હાજર ન રહે તો, આરોપી કે આરોપીના વિ.વકીલશ્રીએ સજા અંગે કોઈ રજુઆત કરવી નથી, તેમ માની આખરી ચુકાદો જાહેર કરવામાં આવશે.

હુકમ આજ તા.૨૮,માહેઃજૂન, વર્ષઃ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૬/૨૦૧૮
સ્થળઃઅમદાવાદ

(કુ.અસ્મિકાબેન ભુપેન્દ્રકુમાર ભટ્ટ)
GJ 00820
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એ.કોર્ટ નં.૨૯,અમદાવાદ.

૨૧. આ કામે તા.૨૮/૦૬/૧૮ ના રોજ આરોપીના વિ.વકીલશ્રીની રજુઆત ધ્યાને લઈ, આરોપીને આજરોજ ચુકાદો સાંભળવા માટે હાજર રહેવા હુકમ કરી ફરમાન કરવામાં આવેલ હોવા છતાં આજરોજ આરોપી હાજર રહેલા નથી. આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, હાલના ફરીયાદી પાસેથી આરોપીએ કોઈ માલ લીધો નથી, ફરીયાદીએ આ કામે ઈન્કમટેક્ષ રીટર્ન કે ખાતાવહી રજુ કરેલ નથી, આરોપીના એડવાન્સ ચેકોનો મીસયુઝ કરેલ છે, એકટની કલમ:૧૩૮ ના તત્વો સ્પષ્ટપણે પુરવાર થયેલ નથી તેમછતાં નામ.કોર્ટે આરોપીને કસુરવાન ઠરાવેલ હોય, જેથી આરોપીની આર્થિક પરીસ્થિતી ખૂબજ નબળી હોય તે ધ્યાને લઈ આરોપીને ઓછામાં ઓછી સજા કરી છોડી મુકવા વિનંતી કરેલ છે.

આરોપીની ગેરહાજરીમાં આરોપીના વિ.વકીલશ્રીની સજા સંદર્ભેની ઉકત રજુઆત ધ્યાને લીધી. આ કામે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર થયેલ હોવાનું અદાલતે માનેલ હોય ત્યારે આરોપીના વિ.વકીલશ્રીની રજુઆત કે હાલના આરોપી સામેનો કેસ પુરવાર થતો નથી તે અસ્થાને જણાય છે. તેમજ આ કેસની સમગ્ર ટ્રાયલ તેમજ આખરી તબકકે પણ આરોપીપક્ષ ધ્વારા વિવાદીત ચેક ફરીયાદીને એડવાન્સ પેટે આપેલાનો કોઈ જ બચાવ લીધેલ નથી અને આરોપીને કસુરવાન ઠરાવ્યા બાદ આરોપીએ એડવાન્સ પેટે આપેલ ચેકનો ફરીયાદી ધ્વરા મીસયુઝ થયેલાની રજુઆત બિલકુલ પાયાવિહીન જણાઈ આવે છે. આ કામે ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ:૩૫૩(૬) અન્વયે હુકમ કર્યા મુજબ આરોપીને ચૂકાદો સાંભળવા માટે હાજર રખાવવા ફરમાન કરવામાં આવેલ હોવા છતાં આજરોજ આરોપી હાજર રહેલ નથી, જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તાજેતરમાં આપવામાં આવેલ **SPECIAL CRIMINAL APPLICATION (QUASHING) No.9113 OF 2016(ISHWARBHAI HIRABHAI CHUNARA & 1 Versus STATE OF GUJARAT & 1, Dated 22.02.2017** તથા નામ. કેરાલા હાઈકોર્ટનો **2009(1)Bankmann 226(Kerala H.C.) (Jain babu versus Joseph)** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ તહોમતદારની ગેરહાજરીમાં આખરી ચુકાદો જાહેર કરી શકાય અને આમ કરવામાં આવ્યાથી ફોજદારી કાર્યવાહી વીશીયેટ થતી નથી. આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં, આ કામે તહોમતદાર વિરૂધ્ધના એકટની કલમ: ૧૩૮ મુજબના ગુન્હાના તત્વો પુરવાર થયેલ હોય, ફરીયાદપક્ષે પોતાનો આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ હોય, જયારે આરોપીપક્ષ તેમની વિરૂધ્ધના કાનુની અનુમાનોનું ખંડન કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ નિવડેલા હોય, જેથી **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

આખરી હુકમ

૧. આ કામના આરોપી પ્રેમકુમાર એક્ષપોટર્સ ઓફ ફેબ્રીકસ પ્રોપરાઈટર: કમલેશ રાવત, ઠે."આઈ" બ્લોક નં.૫૪, રૂમ નં.૧૨૮૪, ગુજરાત હાઉસીંગ બોર્ડ, મેઘાણીનગર લાસ્ટ બસ સ્ટોપ, અમદાવાદનાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ:૨૫૫(૨) તથા ૩૫૩ અન્વયે આરોપીએ ૧(એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમઃ૩૫૭(૩) મુજબ વિવાદીત ચેકની પુરેપુરી રકમ રૂા.૨,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ પુરા)ની વળતર તરીકે ફરીયાદીને ફરીયાદ તારીખથી ચુકવણી તારીખ સુધીના વાર્ષિક ૯% વ્યાજ સહીત દિવસ–૩૦ માં ચુકવી આપવા તથા આરોપીએ તેમ કરવામાં કસુર કર્યેથી આરોપીએ વધુ ૯૦(નેવું) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૩. આરોપીના અગાઉ આપવામાં આવેલ બેઈલ બોન્ડ આથી રદ જાહેર કરવામાં આવે છે.

૪. આરોપી આજરોજ હાજર રહેલા ન હોય, તહોમતદાર વિરૂધ્ધ નોન બેઈલેબલ વોરંટ ઈસ્યુ કરવા તથા હાજર થયેથી અથવા હાજર કરવામાં આવ્યેથી હુકમની એક નકલ તહોમતદારને ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમઃ૩૬૩ અન્વયે વિનામૂલ્યે પુરી પાડવી.

હુકમ આજ તા.૨૯ મી,માહેઃજૂન,સનેઃ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૦૬/૨૦૧૮
સ્થળ:અમદાવાદ

(કુ.અસ્મિકાબેન ભુપેન્દ્રકુમાર ભટ્ટ)
GJ 00820
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એ.કોર્ટ નં.૨૯,અમદાવાદ.